Department of Education
GOVERNMENT OF WESTERN AUSTRALIA

# યુનિક સ્ટુડન્ટ આઈડેન્ટિફાયર

## માતાપિતા અને સંભાળકર્તાઓમાટે માહિતી

ઓસ્ટ્રેલિયાની સરકાર માટે રાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત તાલીમ લાયકાત ધરાવતા દરેકે વિદ્યાર્થીનો અનન્ય ઓળખકર્તા (યુએસઆઇ) ધરાવવાની જરૂરિયાત છે. હવે 1 જાન્યુઆરી 2021થી ઉચ્ચ શિક્ષણ શરૂ કરનારા તમામ વિદ્યાર્થીઓ માટે તે લાગુ પાડવામાં આવ્યો છે અને 2023માં અથવા તે પછી સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ માટે પદવી મેળવવા તે ફરજિયાત છે.

જો તમે યુનિવર્સિટીમાં કે ટેફ (TAFE)માં છો અથવા રાષ્ટ્રીય માન્યતાવાળી અન્ય તાલીમ મેળવી રહ્યા છો, તો તમારે એક યુએસઆઇ જોઇશે. તમારે કોમનવેલ્થ આર્થિક સહાય, તમારી પદવી અથવા પ્રાપ્તિનું નિવેદન મેળવવા માટે તેની જરૂર છે.

આમાં તેમના શાળા કાર્યક્રમનાં ભાગરૂપે કાર્યલક્ષી શિક્ષણ અને તાલીમ (વીઇટી) લાયકાતમાં પ્રવેશ મેળવનારા શાળાના વિદ્યાર્થીઓ અથવા તૃતીય સંસ્થાઓ સેવા કેન્દ્ર[1] (ટીઆઇએસસી) દ્વારા યુનિવર્સિટીમાં અરજી કરનારાઓનો સમાવેશ થાય છે.

### યુએસઆઇ શું છે?

યુએસઆઇએ 2015થી ઓસ્ટ્રેલિયાની સરકાર દ્વારા જારી કરવામાં આવતો દસ -અક્ષરનો આલ્ફાન્યૂમેરિક (મૂળાક્ષરો અને આંકડાઓનો સમૂહ) સંદર્ભ નંબર છે. યુએસઆઇ જીવનભર વ્યક્તિ સાથે રહે છે અને તે વ્યક્તિની સિદ્ધિઓની નોંધને ઓનલાઇન ખાતામાં ઉપયોગ કરવા સક્ષમ કરે છે, જેને તેઓ નિયંત્રિત કરે છે. યુએસઆઇ મેળવવું નિઃશુલ્ક છે અને તે સ્થાપિત કરતાં 5 મિનિટ જેટલો સમય લાગે છે. યુએસઆઇ ખાતાંનો ગમે ત્યારે ઓનલાઇન ઉપયોગ કરી શકાય છે. તમે યુએસઆઇ વિશે માહિતી અન્ય ભાષાઓમાં[2] મેળવી શકો છો.

### વિદ્યાર્થી એક યુએસઆઇ કેવી રીતે બનાવી શકે?

1. વિદ્યાર્થીઓને અરજી શરૂ કરતાં પહેલાં નીચેનામાંથી બે પ્રકારનાં ઓળખપત્રોની જરૂર પડશે:
   - વાહનચાલકની પરવાનગી (ડ્રાઇવર્સ લાઇસન્સ)
   - મેડિકેર કાર્ડ
   - ઓસ્ટ્રેલિયાનો પાસપોર્ટ
   - વીઝા (ઓસ્ટ્રેલિયાનો પાસપોર્ટ ન હોય) આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે
   - ઓસ્ટ્રેલિયાનું જન્મ પ્રમાણપત્ર, કૃપા નોંધ લેશો જન્મ પ્રમાણપત્રનો સાર પૂરતો નથી
   - વંશીય નોંધણીનું પ્રમાણપત્ર
   - નાગરિકતા પ્રમાણપત્ર
   - ઈમ્મીકાર્ડ

   દાખલ કરવામાં આવેલ વિગતો ઉપયોગ કરેલ ઓળખપત્ર સાથે મેળ ખાતી હોવી જરૂરી છે. વધુ માહિતી માટે યુએસઆઇ વેબસાઇટ[3] પર જાઓ.
2. સુનિશ્ચિત કરો કે, વિદ્યાર્થીની અંગત સંપર્ક માહિતી તૈયાર હોય જેવી કે, ઇમેલનું સરનામુ.
3. યુએસઆઇ વેબસાઇટ[4] પર જાઓ અને 'Click here to Get your USI' (તમારું યુએસઆઇ મેળવવા અહિં ક્લિક કરો) બટન પર ક્લિક કરો અને પગલાંઓ અનુસરો.
4. જો વિદ્યાર્થી એક વીઇટી લાયકાત કરી રહ્યો હોય તો, વિદ્યાર્થીની શાળાને તેમનો યુએસઆઇ આપવો આવશ્યક છે.

[1] https://www.tisc.edu.au/static/guide/applying-online.tisc
[2] https://www.usi.gov.au/languages
[3] http://www.usi.gov.au/help-centre/proof-of-ID/Pages/proof-of-ID.aspx
[4] https://www.usi.gov.au/students/get-a-usi

D23/0257171
February 2023

cc BY
Exclusions may apply